The Rights of Persons with Disability Act, 2016ની કલમ-૩૪ અંતર્ગત દિવ્યાંગો માટે અનામત રાખેલ ચાર ટકા જગ્યાઓમાં દિવ્યાંગતાના પ્રકારમાં Spinal Deformity (SD) અને Spinal Injury(SI)ને હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) અંતર્ગત સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૦/૧૨/૨૦૨૨.

## વંચાણે લીધા:

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના જાહેરનામા નં. 30-12/2020-DD-III, તા. ૨૯/૦૮/૨૦૨૨.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/ ૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬), તા.૧૭/૦૯/૨૦૨૨.

## પ્રસ્તાવના:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના જાહેરનામાંથી ભારત સરકાર દ્વારા Locomotor Dosability અંતર્ગત કોઇ પણ પ્રકારના ન્યુરોલોજીક્લ/અંગોની નિષ્ક્રિયતા વિનાની તથા સાથેની કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) અને કરોડરજ્જુની ઇજા (Spinal Injury)નો સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. કરોડરજ્જુની વિકૃતિ (Spinal Deformity) અને કરોડરજ્જુની ઇજા (Spinal Injury)નો સમાવેશ રાજ્ય સરકાર હસ્તકના તમામ સંવર્ગોમાં કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના વિભાગના પરિપત્રથી સૂચનાઓ પરિપત્રિત કરેલ છે.

## સુધારા પરિપત્ર:-

વંચાણે લીધેલ ક્રમાંક (૨) આગળના વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ના પરિપત્રના મુદ્દા નં.(૨)ની વિગતોના બદલે હવે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૨) રાજ્ય સરકાર હસ્તકના તમામ સંવર્ગોમાં દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરતી વખતે ગ્રુપ-(C ) માં દરેક વિભાગે પોતાના નિયંત્રણ હેઠળની જગાઓ માટે હલનચલનની દિવ્યાંગતા (Locomotor Disability) માં Spinal Deformity(SD) and Spinal Injury(SI) without any associated neurological/limb dysfunctionનો પણ અચુક સમાવેશ કરવાનો રહેશે

તેમજ Spinal Deformity(SD) and Spinal Injury(SI) with any associated neurological/limb dysfunctionના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઇને સંબધિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ થયેલો ગણવાનો રહેશે. દા.ત. એક હાથ નિષ્ક્રિય હોય તો OA અથવા એક પગ નિષ્ક્રિય હોય તો OL પ્રકારમાં સમાવેશ થયેલો ગણવાનો રહેશે. આ અંગે અગાઉ કરવામાં આવેલ ઠરાવોમાં દરેક વિભાગે પોતાના સચિવશ્રીની મંજૂરીથી સુધારા ઠરાવ બહાર પાડીને તેની એક નકલ અત્રે સત્વરે મોકલી આપવાની રહેશે. આ અંગે કોઇ સ્પષ્ટતાની જરૂર હોય તો આ વિભાગનો સંપર્ક કરીને પણ સુધારા ઠરાવ સત્વરે બહાર પડાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

આ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૨ના સરખા ક્રમાંકના પરિપત્રની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GIRISHCHANDRA P PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 30-Dec-2022 (04:00 PM)

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

*૧. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
*૨. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
*3. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*૪. સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
૫. અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારુ.
૬. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
૭. સચિવાલયના સર્વે વિભાગોને તેઓના નિયંત્રણ હેઠળના તમામ ખાતા/કચેરીને પરિપત્રિત કરવાની વિનંતી સહ.
૮. નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૯. નિયામકશ્રી, અ.જા.ક./વિ.જા.ક., બ્લોક નં.૪, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૦. સર્વે શાખાઓ, સા.ન્યાય અને અ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
૧૨. સિલેકટ ફાઇલ-૨૦૨૨.
(* પત્ર દ્વારા )